ગાંધીનગર સમાચાર

**આવતીકાલથી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ સવારની થશે**

# શહેરમાં વધતી ગરમી

**મહત્તમ તાપમાન ૩૮.૨ અને લઘુત્તમ તાપમાન ૨૩.૫ ડિ.સે. સુધી પહોંચતા વસાહતીઓ ગરમીમાં હેરાન પરેશાન**

ગાંધીનગર, તા. ૨૦

ઉનાળો ધીમે ધીમે જામી રહ્યો છે. દિવસે દિવસે ગરમી વધતી જાય છે. આજે મહત્તમ અને લઘુત્તમ તાપમાન વધતા વસાહતીઓ ગરમીમાં હેરાન પરેશાન થઈ ગયા છે.

આ વર્ષે ગરમી પડવાનો પ્રારંભ વહેલો થયો છે. માર્ચ મહિનાના મધ્યે તો એકદમ આકરી ગરમી પડી રહી છે. દિવસે દિવસે ગરમીનો પારો ઉંચો ચડતો જાય છે. વહેલી સવારે વાતાવરણમાં થોડીક ઠંડક હોય છે, પરંતુ નવ વાગતા સુધીમાં તો તડકો એકદમ આકરો બની અંગોને દઝાડવા માંડે છે. અગિયાર-બાર વાગ્યાની આસપાસ જાણે લુ ફુંકાતી હોય તેવું અનુભવાય છે. છેક સાંજે સૂર્યાસ્ત થાય ત્યાં સુધી લુનો અનુભવ થાય છે. જો કે ગાંધીનગરમાં તો રાત્રીના સમયે પણ બફારો જ થાય છે. દિવસે અને રાત્રે ફુલસ્પીડે પંખા ચલાવવા પડે છે. એસી અને કુલર ચલાવવાની પણ જરૂરીયાત ઉભી થઈ છે. આજે મહત્તમ તાપમાન ૩૮.૨ ડિ.સે. સુધી પહોંચી જતા આકરી ગરમી અનુભવાઈ હતી.



(તસવીર : કશ્યપ નિમાવત)

રવિવારની રજાના કારણે અને આકરી ગરમીના કારણે બપોરના સમયે માર્ગો સુમસામ લાગતા હતા. સાંજ પછી સ્વર્ણીમ પાર્કમાં ગરમીથી રાહત મેળવવા માટે વસાહતીઓની ભીડ જોવા મળી હતી. સ્વર્ણીમ પાર્કની આસપાસ સોડાની લારીઓ અને બરફ ગોળાની લારીઓ પર પણ ભીડ જોવા મળી હતી. રાત્રીનું લઘુત્તમ તાપમાન પણ ૨૩.૫ ડિ.સે. જેટલુ ઉંચુ નોંધાતા બફારાનું પ્રમાણ વધ્યુ હતુ. આગામી દિવસોમાં વધુ આકરી ગરમી પડવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

## આવતીકાલે શહેરમાં ચાર મેગા મેડીકલ ચેક-અપના કેમ્પ

ગાંધીનગર, તા. ૨૦

૨૨મી માર્ચને મંગળવારના રોજ ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત અર્બન હેલ્થ સેન્ટરો પર આરોગ્યના મેગા કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે.

સે. ૨, સે. ૨૪, સે. ૨૯ અને પાલજ ખાતે આવેલ આ અર્બન હેલ્થ સેન્ટરોમાં બાલરોગના નિષ્ણાત, સ્ત્રીરોગના નિષ્ણાત, ઓર્થોપેડિક સર્જન, આંખ રોગના નિષ્ણાત, ચામડીના નિષ્ણાત તેમજ આયુષના નિષ્ણાત તબીબોની સેવાઓ ઉપલબ્ધ થશે.

આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટના જણાવ્યાનુસાર સે. ૨૪ ખાતે સવારે નવ વાગે આ મેગા કેમ્પનો પ્રારંભ થશે. સે. ૨ અને સે. ૨૯ ખાતે બપોરે ૩ વાગે આ કેમ્પનો આરંભ થશે, જ્યારે પાલજ ખાતે બપોરે ૧૨ વાગે આ કેમ્પનો આરંભ થશે.

## સેક્ટર-૨૨માં આજે મનપાના જનસેવા કેન્દ્રનું લોકાર્પણ કરાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સે. ૨૨માં આવેલ વ્હીકલ પુલની કચેરીમાં જનસેવા કેન્દ્રનો પ્રારંભ આજે સાંજે પાંચ વાગે કરવામાં આવશે.

મેયર શ્રીમતિ હંસાબેન મોદીના હસ્તે આ જનસેવા કેન્દ્રનો પ્રારંભ કરાશે. આ જનસેવા કેન્દ્ર કાર્યરત થતાં સે. ૨૨, ૨૩, ૨૦, ૨૮, ૨૯, ૩૦ અને સે. ૨૧ના લોકોને મનપાની કચેરી સુધી જવાને બદલે વોર્ડ કચેરી પર જ સેવાઓ ઉપલબ્ધ બનશે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આગામી ત્રણ માસમાં અન્ય ત્રણ વોર્ડ કચેરીઓમાં પણ જનસેવા કેન્દ્રની સેવાઓ કાર્યરત કરવાનું આયોજન હાલ ચાલી રહ્યુ છે અને તે અંતિમ તબક્કામાં છે. આ પછી વોર્ડ કચેરીઓને કોમ્પ્યુટર કનેક્ટીવીટીથી સાંકળી લેવામાં આવશે.

મનપાના સૂત્રોએ જણાવ્યું છે કે મંગળવારે સે. ૧માં સાયકલ ટ્રેક બનાવવાની કામગીરીની ખાતવિધિ ઉપરાંત વિવિધ ૧૦ જેટલા સ્થાનો પર જાહેર સુલભ શૌચાલયો બનાવવાની કામગીરીનો પણ આરંભ કરાશે.

મનપા દ્વારા વિકાસના કામો જે હાથ પર લેવામાં આવ્યા છે તેમાં ગતિ આવી હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે વિવિધ સેક્ટરોના બગીચાઓમાં બાળકો માટે રમત-ગમતના સાધનો લગાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત પેવર બ્લોકની કામગીરી પણ હાલ ગતિમાં છે.

ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અભિયાનને પણ સઘન બનાવવા અંગેનું આયોજન કરી દેવામાં આવ્યું છે. જાહેર સ્થાનો પર પડેલી ડેબ્રીજ પણ દૂર કરવામાં આવશે.

## પ્રદેશ ભાજપ સંગઠન માળખામાં આગામી સપ્તાહમાં ફેરફારો કરાશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠ્ઠન માળખાની પુનઃ રચના આગામી એકાદ સપ્તાહમાં કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

દિલ્હી ખાતે ભાજપની રાષ્ટ્રીય કારોબારીની બે દિવસીય બેઠકનું આજે સમાપન થયું છે. તે દિવસની આ બેઠકમાં ભાજપ દ્વારા અનેક કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે અને દરેક રાજ્યને કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓને જનજન સુધી પહોંચાડવા માટેની સૂચના આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં હાજરી આપવા ગુજરાત ભાજપના પ્રમુખ વિજય રૂપાણી, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન

● અનુસંધાન પાન-૭ પર

## આખરે ૧૬ માસ બાદ જીપીએસસીએ ૨૫ ગણા ઉમેદવારોની યાદી જાહેર કરી

**આયોગે પ્રિલીમમાં કુલ ૧૨૧૬૦ ઉમેદવારો પાસ કર્યા : અંદાજે જૂનમાં મેન પરીક્ષા લેવાશે**

ગાંધીનગર, તા. ૨૦

૧૬ માસ અગાઉ લેવાયેલી અને ભારે વિવાદોમાં રહેલી જીપીએસસીની પ્રિલીમ પરીક્ષાનું આખરે ૨૫ ગણા ઉમેદવારોનું રીઝલ્ટ ગત સાંજે આયોગની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કર્યું હતુ. જેમાં કુલ ૧૨૧૬૦ ઉમેદવારોનું લિસ્ટ મુકવામાં આવ્યું છે. આથી હજારો ઉમેદવારોએ હાંસકારો અનુભવ્યો હતો. અંદાજીત આગામી જુન સુધીમાં આયોગ દ્વારા મેન પરીક્ષા લેવામાં આવશે તેવું પણ જાણવા મળ્યું હતું.

૧૨ ઓક્ટોબર-૨૦૧૪ના રોજ ૮ વર્ષના લાંબા ગાળા બાદ રાજ્ય સેવામાં અધિકારી વર્ગ-૧/૨ની ખાલી જગ્યાઓ ભરવા માટે સંયુક્ત લેખિત સ્પર્ધાત્મક કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ ૨૭ જેટલા પ્રશ્નોના જવાબો ખોટા હોવાને લીધે ૪૦ જેટલા ગુણનું ગ્રેસીંગ અપાતા અસંખ્ય ઉમેદવારોને અન્યાય થયો હતો.

આયોગની આ પ્રકારની નીતિ સામે કેટલાક અસંતુષ્ટ ઉમેદવારો ન્યાય મેળવવા હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા અને લાંબા કાનૂની જંગ બાદ થોડા સમય અગાઉ જીપીએસસી આયોગને કોર્ટે ફટકાર લગાવતા આયોગે ૨૫ ગણા પાસ કરવાની માંગને સ્વીકારી લીધી હતી અને ટુંક જ સમયમાં ઉમેદવારોનું લીસ્ટ બહાર પાડવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આથી ગત રોજ આયોગે પોતાની વેબસાઈટ પર ૨૫ ગણા ઉમેદવારો સાથેનું લીસ્ટ બહાર પાડ્યું હતું. જેમાં કુલ ૧૨,૧૬૦ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## આવતીકાલથી જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ સવારની થશે

ગાંધીનગર, તા. ૨૦

ઉનાળાની ગરમીનો આકરો તાપ અત્યારથી જ શરૂ થતાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ એક પરિપત્ર કરી જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાના સમયમાં ફેરફાર કરી સવારે ૭.૦૦ થી ૧૧.૩૦ સુધીનો રાખવાના આદેશો જારી કર્યા છે.

સામાન્યતઃ શાળાના સમયમાં ફેરફાર એપ્રિલ માસના સપ્તાહ પછી થતો હોય છે. પરંતુ આ વર્ષે પ્રારંભથી જ આકાશી ગરમીનો પારો જે રીતે ઉંચકાયો છે તેને લક્ષમાં રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા આ હુકમનું અમલીકરણ ૨૨મીથી શરૂ કરવા માટે પણ જણાવાયું છે. આમ ૧૫ દિવસ પહેલાં શાળાના સમયમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે.

સરકારી પ્રાથમિક શાળાઓ હાલ સવારે ૧૦.૩૦ થી ૫.૦૦ના સમયે ચાલતી હતી પરંતુ હવે આકાશી અગનવર્ષાને ધ્યાને લઈ દર વખત કરતાં વહેલી સવારની શાળા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### વડનગરા નાગર બ્રાહ્મણ બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી માયાબેન આર. વોરાનું તા. ૨૦/૩/૨૦૧૬ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્દગતની પ્રાર્થના સભા તા. ૨૧/૩/૨૦૧૬ને સોમવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.


સ્થળ : સૌરાષ્ટ્ર કડવા પટેલ વાડી, ઉમિયા માતા મંદિરની પાછળ, સેક્ટર-૧૨, ગાંધીનગર

ડો. મયુરી પરેશ વોરા
વંદના ઉમેશ વોરા
ડો. ત્વીષા કેતુલ વોરા (USA)
નેયા ઉમેશ વોરા
ડો. પરેશ આર. વોરા (એમ.ડી. ફીઝીશીયન, સીવીલ હોસ્પિટલ, ગાંધીનગર)
ઉમેશ આર. વોરા (C/o. DGFT, Ahmedabad)
ડો. કેતુલ પરેશ વોરા (USA)









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com